(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? (૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. ભાવથી આપતો થકો | **પડિલાભેમાણે** | **બારમા વ્રતમાં** |
| ૨. વ્યતીત થયો છે | **વઈક્કંતો** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૩. ભોગવેલી હોય | **પરિભુત્તં** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૪. નિદાન રહિત | **અનિયાણો** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૫. કરોળિયાના જાળા | **મક્કડા** | **સામાયિકના ત્રીજા પાઠમાં** |

**(આ) કયા પાઠનો કયો અતિચાર છે? (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. અષાઢ સુદ બીજે રાતના પહેલા પહોરે સ્વાધ્યાય કર્યો હોય. | **અકાલે કઓ સજ્ઝાઓ**<br>**પ્રતિક્રમણનો ચોથો પાઠ** |
| ૨. અખા ત્રીજના દિવસે મર્યાદાથી વધારે સોનું ખરીદ્યું હોય. | **હિરણ્ણ–સુવણ્ણપ્પમાણાઈક્કમે**<br>**પાંચમા વ્રતમાં** |
| ૩. નોકર બિમાર હોવા છતા વધારાનું કામ કરાવ્યું હોય. | **અઈભારે**<br>**પહેલા વ્રતમાં** |
| ૪. બીજાની ટિકિટ પર મુસાફરી કરી હોય. | **વિરુદ્ધ રજ્જાઈક્કમે**<br>**ત્રીજા વ્રતમાં** |
| ૫. ખોરી થઈ ગયેલી બદામ વહોરાવી હોય. | **કાલાઈક્કમે**<br>**બારમા વ્રતમાં** |

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. સર્વ કાળની આશાતના એટલે શું?

**જ. સર્વ કાળની આશાતના એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એમ ત્રણે કાળની બધી આશાતના.**

૨. નિર્ગ્રંથ પ્રવચન કોને કહે છે?

**જ. જેમણે રાગ–દ્વેષની ગ્રંથિને તોડી નાંખી છે એવા તીર્થંકર ભગવાનની વાણીને, જિનવાણીને, તેમના આગમ સૂત્રોને નિર્ગ્રંથ પ્રવચન કહે છે.**

૩. યોનિ કયા જીવોની હોય છે?

**જ. પન્નવણા સૂત્ર પદ ૧ માં યોનિ માત્ર બાદર પર્યાપ્તા જીવોની જ બતાવી છે.**

૪. સંથારા સહિતનું પંડિત મરણ કોને આવે?

**જ. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની ઉત્તમ આરાધના કરનાર સાધુ કે શ્રાવકને આવે.**

૫. અહિંસા વ્રતના પાલનથી કયા ગુણો પ્રાપ્ત થાય છે?

**જ.અહિંસા વ્રતના પાલનથી કરુણા, ક્ષમા, દયા, કોમળતા, મૈત્રી આદિ ગુણો પ્રાપ્ત થાય છે.**

(૫૫)

**પ્ર.૨ (અ) મોટા બાસઠિયાના આધારે જવાબ લખો. (૩૫)**

**(૧) નીચેના બોલનો સંપૂર્ણ બાસઠિયો લખો. (૧૨)**

૧. ચક્ષુદર્શન – **જીવના ભેદ ૬ ચૌરેન્દ્રિય–અસંજ્ઞી પંચેન્દ્રિય–સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ગુણસ્થાન પ્રથમ ૧૨, યોગ ૧૪ કાર્મણનો વર્જી, ઉપયોગ ૧૦ બે કેવળના વર્જીને, લેશ્યા ૬.**

૨. સાકાર ઉપયોગ – **જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧૪, યોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.**

૩. નપુંસક વેદ – **જીવના ભેદ ૧૪, ગુણસ્થાન પ્રથમ ૯, યોગ ૧૫, ઉપયોગ ૧૦ બે કેવળના વર્જીને, લેશ્યા ૬.**

૪. ઈન્દ્રાણી – **જીવના ભેદ ૨ સંજ્ઞીના , ગુણસ્થાન પ્રથમ ૪, યોગ ૧૧ ૪ મન–૪ વચન–વૈક્રિય કાયયોગ–વૈક્રિય મિશ્ર કાયયોગ–કાર્મણ કાયયોગ, ઉપયોગ ૯ ૩ જ્ઞાન–૩ અજ્ઞાન–૩ દર્શન, લેશ્યા પ્રથમ ૪.**

૫. અચરમ – **જીવના ભેદ ૧૪, ગુણસ્થાન પ્રથમ ૧, યોગ ૧૩ આહારકના બે વર્જીને, ઉપયોગ ૮ ૩ અજ્ઞાન–૩ દર્શન (અભવીને)–કેવળજ્ઞાન–કેવળદર્શન (સિદ્ધને) લેશ્યા ૬.**

૬. આહારક શરીર – **જીવના ભેદ ૧ સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો, ગુણસ્થાન ૨ તે ૬, ૭, યોગ ૧૨ ૨ વૈક્રિય–૧ કાર્મણ વર્જીને, ઉપયોગ ૭ ૪ જ્ઞાન–૩ દર્શન, લેશ્યા ૬.**

**(૨) કોઠો બનાવીને નીચેના બોલનો બાસઠિયો લખો. (માત્ર આંકડામાં) (૧૦)**

૧. અણિન્દ્રિય ૨. અસંજ્ઞી ૩. મહાકાળ ૪. વેદક સમકિત ૫. અપર્યાપ્તા
૬. સમકિતી માંકડ ૭. અણાહારક ૮. સકષાયી ૯. વંટોળિયો ૧૦. પિત્તમાં ઉત્પન્ન થતો જીવ

**જ.**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. અણિન્દ્રિય | ૧ | ૨ | ૭ | ૨ | ૧ |
| ૨. અસંજ્ઞી | ૧૨ | ૨ | ૬ | ૬ | ૪ |
| ૩. મહાકાળ | ૩ | ૧ | ૧૧ | ૬ | ૪ |
| ૪. વેદક સમકિત | ૨ | ૪ | ૧૫ | ૭ | ૬ |
| ૫. અપર્યાપ્તા | ૭ | ૩ | ૫ | ૯ | ૬ |
| ૬. સમકિતી માંકડ | ૧ | ૧ | ૩ | ૪ | ૩ |
| ૭. અણાહારક | ૮ | ૫ | ૧ | ૧૦ | ૬ |
| ૮. સકષાયી | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ |
| ૯. વંટોળિયા | ૧ | ૧ | ૪ | ૩ | ૩ |
| ૧૦. પિત્તમાં ઉત્પન્ન થતો જીવ | ૧ | ૧ | ૩ | ૪ | ૩ |

**(૩) અલ્પબહુત્વ લખો. (૮)**

૧. યોગ દ્વાર – **સર્વથી થોડા મનયોગી, તેથી વચનયોગી અસંખ્યાતગુણા, તેથી અયોગી અનંતગુણા, તેથી કાયયોગી અનંતગુણા, તેથી સયોગી વિશેષાધિક.**

૨. સંયતિ દ્વાર – **સર્વથી થોડા સૂક્ષ્મસંપરાય ચારિત્રી, તેથી પરિહારવિશુદ્ધ ચારિત્રી સંખ્યાતગુણા, તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાતગુણા, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રી સંખ્યાતગુણા, તેથી સામાયિક ચારિત્રી સંખ્યાતગુણા, તેથી સંજતિ વિશેષાધિક, તેથી સંજતાસંજતિ અસંખ્યાતગુણા, તેથી નો સંજતિ નો અસંજતિ નો સંજતાસંજતિ અનંતગુણા, તેથી અસંજતિ અનંતગુણા.**

૩. ભાષક દ્વાર – **સર્વથી થોડા ભાષક, તેથી અભાષક અનંતગુણા.**

**(૪) મને ઓળખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. સમકિતી હોવા છતાં મારું ગુણસ્થાન એક છે. | **સૂક્ષ્મ સંપરાય, સંયતાસંયતિ, સાસ્વાદન** |
| ૨. મારામાં એક માત્ર કૃષ્ણ લેશ્યા હોય છે. | **છટ્ઠી નરક, સાતમી નરક** |
| ૩. મારામાં જીવના ભેદ આઠ છે. | **અણાહારક** |
| ૪. મારામાં યોગ સાત છે. | **અણિન્દ્રિય, કેવળજ્ઞાન, કેવળદર્શન, નો સંજ્ઞી નો અસંજ્ઞી** |
| ૫. મારામાં ઉપયોગ પાંચ છે. | **બેઈન્દ્રિય, તેઈન્દ્રિય** |

**(આ) રૂપી – અરૂપીના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના બોલ રૂપી છે કે અરૂપી? કેટલા સ્પર્શી? (૪)**

| | રૂપી | અરૂપી | સ્પર્શી |
|---|---|---|---|
| ૧. નિદ્રા | **રૂપી** | – | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૨. બળ | – | અરૂપી | – |
| ૩. સમય | – | અરૂપી | – |
| ૪. સત્ય વચન | – | અરૂપી | – |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. અરૂપીની પહેલી ગાથા લખો.

**જ. પાવ ઠાણા વિરઈ, ચઉ ચઉ બુદ્ધિ ઉગ્ગહે । સન્ના ધમ્મત્થી પંચ ઉઠાણં, ભાવ લેસ્સાત્તિ દિટ્ઠી ય ॥**

૨. છ દ્રવ્ય લેશ્યા કેટલા સ્પર્શી છે શા માટે? ક્ષીર દ્વીપ શું છે? તે કેટલા સ્પર્શી છે? શા માટે?

**જ. છ દ્રવ્ય લેશ્યા આઠ સ્પર્શી છે કારણ કે બાદર પુદ્ગલ પરિણામ છે માટે રૂપી છે. બાદર પુદ્ગલ પરિણામ આઠ સ્પર્શી છે. ક્ષીર દ્વીપ પૃથ્વીકાય છે. તે આઠ સ્પર્શી છે કારણ કે તેનું શરીર ઔદારિક છે.**

૩. રૂપીને કોણ જોઈ શકે? તે ક્યાં છે? તેના કેટલા બોલ છે?

**જ. રૂપીને સામાન્ય જ્ઞાની પોતાના ઈન્દ્રિયોથી અથવા વિશિષ્ટ જ્ઞાની અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાની જાણે અને દેખે. તે લોકમાં છે. રૂપી ચઉસ્પર્શીના ૩૦ અને આઠ સ્પર્શીના ૫૧ બોલ છે.**

**(ઈ) ઉપયોગ અધિકારના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના જીવો કેટલા અને કયા કયા ઉપયોગ લઈને આવે? (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ઉપશમ સમકિતી સાતમી નરકમાં આવે | **સમકિત લઈ સાતમી નરકમાં ન જવાય.** |
| ૨. લાતંક દેવલોકના દેવ ગાયમાં આવે | **૫, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૩. માટીનો જીવ કીડીમાં આવે. | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૪. બળખાનો જીવ મનુષ્યમાં આવે. | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૫. વિભંગજ્ઞાન લઈને કેટલી અને કઈ ગતિમાં ઉત્પન્ન થવાય છે? | **બે, નારકી, દેવ** |

**(૨) નીચેના જીવો કેટલા અને કયા કયા ઉપયોગ લઈને નીકળે? (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. મહાવિદેહના સાધુ | **૫, ૩ જ્ઞાન, ૨ દર્શન** |
| ૨. શિલા નરકના તીર્થંકરનો જીવ | **૫, ૩ જ્ઞાન, ૨ દર્શન** |
| ૩. ભદ્દેના જીવ | **૭, ૩ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન** |
| ૪. પહેલા ગુણસ્થાનવાળો ઘોડો | **૫, ૩ અજ્ઞાન, ૨ દર્શન** |
| ૫. કારેલાનો જીવ | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ચંડકૌશિકને શું લાભ થયો? પ્રસંગ ક્યારે બગડે છે? કામચોરને શું નુકશાન થાય છે? શા માટે અણગમો કરવો નથી?

**જ. ચંડકૌશિકને પ્રભુના વચનથી સમતા રાખી જીવદયા પાળી, સંથારો કર્યો અને એકાવતારી બન્યા. ક્રોધમાં આવી કડવા શબ્દ કહેવાથી પ્રસંગ સુધારવાને બદલે બગડે છે. કામચોરને શરીરના રોગો આવશે, ઈન્દ્રિયો જશે. માયાથી કર્મબંધ થશે માટે મારે અણગમો કરવો નથી.**

૨. માયાને સરળતાથી જીતવાની સાધનાના ચાર મુદ્દા લખો.

**જ. ૧) ધર્મ તો સરળતામાં છે માટે ભૂલ કબૂલ કરું. ૨) માયાનો ઘડો કાચો, જે ભરશે, તેનો તૂટશે. ૩) વાતવાતમાં વચન ન આપું, પુણ્ય પર વિશ્વાસ રાખું. ૪) મારો સ્વાર્થ ન જોઉં, સંતોષ વધારું. ૫) આત્મસાક્ષી રાખું, અનંત પરમાત્માની સાક્ષી રાખું. ૬) બધું મળે પણ શાંતિ ન મળે, પરિણામે તિર્યંચ ગતિનો બંધ.**

૩. લોભને કેમ થોભ આવતો નથી? સંયમ લેવો અને સંથારો કરવો એટલે શું?

**જ. ગમે તેટલું હોવા છતા વધુ ને વધુ ભેગું કરવા એક કારણ આ ભવની ચિંતા જીંદગીના છેલ્લા દિવસો સુધીની**

**ભારેખમ ચિંતાને કારણે લોભને થોભ નથી. સંયમ લેવો એટલે સંસાર છોડવાની વાત અને સંથારો કરવો એટલે શરીર છોડવાની વાત.**

૪. આત્મ બોધ પામવા, આત્મ સ્વભાવ પામવા, આત્મ શ્રવણ કરવા, આત્મ યુદ્ધ કરવા માટે મારે શું અભ્યાસ કરવો જોઈએ?

**જ. આત્મ બોધ પામવા – આત્મા જીવ છે અને શરીર અજીવ છે. આત્મ સ્વભાવ પામવા – હું તરીને જ રહીશ. આત્મ શ્રવણ કરવા – હું આત્મા છું. આત્મ યુદ્ધ કરવા – મારે આત્મશત્રુને જીતવા છે.**

૫. આત્મ રક્ષા કરવા શું કરશું?

**જ. તન અને ધનની રક્ષામાં અનંત ભવ નીકળી ગયા. શું મળ્યું? સંસાર જ ને ! હવે એકવાર આત્માની રક્ષા કરું ! મારો આત્મા સમયે સમયે અનેક કર્મ બાંધી રહ્યો છે, રાગ–દ્વેષ, વિષય અને કષાય, પાપ અને પ્રમાદ જેવા આ દુર્ગણો જ મારા આત્મશત્રુ છે.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કામભોગ કેવા છે? તેની ઈચ્છા રાખનાર ક્યાં જાય છે? ચાર કષાયથી જીવનું શું થાય છે?

**જ. કામભોગ આશીવિષ સર્પ જેવા છે. તેની ઈચ્છા રાખનાર તેને પામ્યા વિના જ દુર્ગતિમાં જ ચાલ્યા જાય છે. ક્રોધ અને માનથી જીવની અધોગતિ થાય છે. માયા સદ્ગતિમાં બાધક છે. લોભ વડે આ લોક અને પરલોક ભયરૂપ બને છે.**

૨. નિદ્રામાં નમિરાજર્ષિને શેનું સ્વપ્ન આવ્યું? શું વિચાર કર્યો? વિચાર કરીને શું કર્યું?

**જ. તેઓ શ્વેત હાથી પર બેસીને મેરુપર્વત પર ચઢી ગયા. તેઓએ વિચાર કર્યો કે સ્વપ્નમાં આવેલ પર્વત જેવો પર્વત મેં ક્યાંક જોયો છે. તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સ્વયં બોધ પામી દીક્ષા લેવા નીકળ્યા.**

૩. પુષ્પનંદીને માતાનો પરમ ભક્ત જોઈ દેવદત્તાને શું વિચાર આવ્યો?

**જ. મહારાજ પુષ્પનંદી માતાનો પરમ ભક્ત છે અને દિવસ–રાત માતાની સેવામાં જ લીન રહે છે. હું મહારાજ સાથે મનુષ્ય સંબંધી વિષયભોગોને ભોગવી શક્તી નથી. તેથી મારા માટે યોગ્ય છે કે અગ્નિ, શસ્ત્ર, વિષ અથવા મંત્રના પ્રયોગથી શ્રીદેવીને મારી નાંખવી.**

૪. લોકમાં અંધ કેટલા પ્રકારના છે? ક્યા? શા માટે? તેમની સ્થિતિ શું થાય છે?

**જ. લોકમાં અંધ ત્રણ પ્રકારના છે – ક્રોધાંધ, કામાંધ અને સ્વાર્થાંધ કારણ કે સ્વાર્થ અને લોભની લિપ્સા એટલી ભયંકર હોય છે કે વ્યક્તિ પોતાના સંબધ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ભયંકર કાર્ય કરી બેસે છે. આ ત્રણે ય અંધ લાંબા કાળ સુધી સંસારમાં ભવભ્રમણ કરે છે.**

૫. **કોણ બોલે છે? કોને કહે છે?** ૧) બાકીના બધા કંકણ ઉતારી નાખ્યા છે. – **મંત્રી રાજાને કહે છે.**

૨) તું આર્તધ્યાન ન કર. – **સિંહસેન રાજા શ્યામા રાણીને કહે છે.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. પ્રભુ કહે છે **સંકલ્પ કરી લે, સાધુ જીવનમાં મરવું, કોલ આપે પ્રભુ એવા સાધકને, સિદ્ધક્ષેત્રમાં મળશું (૨) ધર્મી જીવોને આવો (૨) સાથ** ગમે છે.

૨. રાગ **નથી એને દ્વેષ નથી કોઈ, પ્રેમનો પારાવાર, નિશદિન કુણાં કાળજડેથી, વહેતી કરૂણાની ધાર, શાતા પામે સઘળાં પ્રાણી, એવી પ્રભુ વીરની** પ્રાણી.

૩. મારે કયા જ્ઞાનમાં મસ્ત બનવાનું છે? તે દર્શાવતી કડી લખી કડીનો નં. લખો.

**આત્મિક જ્ઞાનમાં. કડી નં. ૧ ચેતનનું જ્ઞાન એ સમ્યક્જ્ઞાન છે, ચેતનના જ્ઞાન વિના બધું અજ્ઞાન છે, અજ્ઞાનને તજીને આત્મિક જ્ઞાનમાં, સદા હું મસ્ત બની જાઉં (૨)**

૪. આ કાયા **અટકી છે, નથી થતા તુજ દર્શન, ના જઈ શકું સુણવાને, ગુરુની વાણી પાવન, ઉપાશ્રય જાવાનું, ફરીને** અંજળ દેજો.